Barcode - 99999990832003
Title - Khoja sunat jamat na tarjuo.
Subject -
Author -
Language - gujarati
Pages - 36
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 083200

૧૩૧૨

# ખોજા સુનતજમાતના નવા કાયેદા

વીરૂધ

# ખોજા અબદલ્લા હાજી અલારખીઆ

ના ઊરદુ [illegible]

નો

## તરજુમો.

---

ઇશલામી વીચાર.

---

ગુલામ અલી ગુલામ હુશેન

---

કાસીદ મુંબઈ પરેસ.

૧૮૮૦.

૭૩૨૨

# ખુલાસો.

"યાદ નામે" આ નામથી ઓરદુ જબાનમાં એક કેતાબ માસ એક થયો જાહેર થઈ છે, તે કોઇ લાગવગીઆ સુની બોજા ઓએ મોટા હોદેદાર અંગરેજો સાથ મલી ઇશલામી મજહબથી ઉલટી રાહે જઇને મુસલમાન કોમ માટે નવા કાયદા ઘડી કઢાવીઆ ઉપર અરજીના આકારમાં તે એક માઆકુલ કેતાબ છે. આજ સદીઓ થઇ નબી શાહેબના ખુદા ફરમાન ઉપર જેહાનની તમામ મુસલમીન પાદશાહાતોમાં અદલ ઇનશાફ મલેછે. જે કોમની પુખ્તગીથી તે ઉપર બીજા મજહબો હશદ ને તાજ્જુબીથી જોએછે અને તેના માતબર કાએદા કાનુનની બબજા તારીફ કરેછે, તે કોમને કાએદાની શું ખુટ પડી કે આ રવેશ અમલ કરવામાં સુની બોજાઓએ નાલાએક કોશીસ અજમાવી છે? મુશલમીન કોમના મજહબથી એક રજ ઉલટી બજાવનારો એ મજહબના મુસતકીમ રચાયલા ને ખુદાતાલાની જનાબથી આવેલા વગર આમીના કાયદા મુઆફેક કુફર કેહવાય છે અને તે ઇશલામી મજહબ માનનારો નથી એ મુકરર થાએછે. આજ તલગની કોઇ પણ બાદશાહાતે ઇશલામી મજહબની માતેબર રાહ રશમ ને અદલ ઇનશાફના હકમાં કસી ચુનોચરા કરી નથી અને કરવા જેવી તાકાત પણ. રાખતા નથી. મુશલમીન મજહબે આજ તલગ પોતાના નબીના ખુદા જનાબથી લાવેલા ફુરઆન શીવા કસા ઉપર પોતાના ઇનશાફનો અમલ કરીઓ નથી આ ઓર પણ પોતાના માઆકુલ ઇનશાફથી બબજાની પાદશા જીતી પોતાના કાયદા રવેશ સલતનત સથાપી છે; તે આ

રોશન છે. શું હીંદુસથાનમાં શાહાનશાહ અકબર કે શું ચીનમાં શાહાનશાહ તેહમર લીંગ કે તુરકોમાં શાહાનશાહ જંગીશ કે શું રૂમશામમાં સુલતાન મહમદ કે શું બગદાદથી ઈરાન ને એશીઆના તુરકસથાનના ખલીફ હારૂન અલ રશીદ એ નામીચા જેહાન ધ્રુંજાવનારાઓના દોર તવારીખમાં આશકારા છે કે તે મુશલમીન શાહાનશાહોએ તમામ જેહાનને પોતાના તરીકા ને કાયદા ઉપર આરામ ને અદલ ઇનશાફ બખશીઓછે, તેવા જેહાન જેરોજબર કરનારાઓની કોમ આજના જમાનામાં સુની ખોજાઓને કાએદાથી ખામી વાલી જણાઇ અને તેને આજની કેશરે હીંદની જઓજલાલ કારકીરદીમાં મુંબઇના મોટા હોદેદારોએ તે ખામી એનાએત કરી ! એવો ઢોંગ થયોછે.

વલી આ કાએદા બીજી રવેસે પણ બેવજન છે. બલવાં પછેનો રાણી શાહેબનો ઢંઢેરો અને વલી હાલમાં છેલો કેસરે હીંદની સથાપણમાં અપાયલો ને વંચાવેલો કોલબંદ ઢંઢેરો કે જેમાં આપણી નામદાર કેશરે હીંદની બુલંદ સરકાર કોઇના પણ મજહબ ઇમાન એકરાર વચે નહી આલવા સાફ ખુલી રીતે જાહેર કરેછે, તે કોલ ને વચનનો વજન પણ આ રવેસ જે કોમ આજ શું પણ કોઈ જમાને પણ પોતાના નબીના લાવેલા ખુદાઇ ફરમાન ને કાયદાથી કોઈ પણ જાતના નવા કાયદા કાનુનની ગરજમા આવનાર નથી તે વચે આવીઆથી બીલકુલ તુટેછે. એક તકરાર બીજી પણ જાહેર મલાઇ છે કે જેવારે કમીશન હજુર આ કાયદા બનતા હતા તે વખતે આપણા નામદાર આગાખાનના વડા બેટા આગા અલીશાહ કમીશનના મજકુર છ માણશો પૈ કાયદા તયાર કરવાના વખતે સામેલગીરીના તેઓનેજ હતા કે તમો ઇસલામથી જુદા કાયદા બાંધોછો તે હમોને નથી, કાંએ કે તે હમારા ઇસમાઇલીઆ ધરમ વીરૂધ છે. પણ એઓએ કહયું હતું કે, હમો ઇસમાલીઆ તડવાલા

યોને ઇસમાઇલી કાયદા, અને આહમદભાઈ હબીબભાઇના તડ વાળા જેઓ શુનત જમાતછે તેઓને શુની કાએદા પરમાંણે ધારા બાંધી આપવા જોઇએ. અને ઇસમાઇલી અને શુની કાએદા વીરૂધ બીજા નવા કાએદા કરવાની કશી જરૂર નથી?" એ રીતે એ નવા કાયદા ઊપર નજર નાખતાં અમને અમારા ઇશલામી શરકા માટે આ "યાદ નામે" થી મોટો તરાસ ઉપજ્યોછે કે આ કદમ ઉપર મુશલમીન કોમથી ઘટતી સુનોઅરા કે અકચાર થશે તે વખત જે બદીની હાલમાં હસતી નથી તે તરત જાહેર થશે અને નાહકની બેદીલી ફેલાશે. આશા છે કે આ સેજ ખુલાશાથી લાગતા વલગતા પોતાની ભુલ જોઇ આ કાયદા નાબુદ કરશે અને ઇશલામી મજહબની ખાલેશી જાલવશે.

# ખોજા સુનતજમાતના નવા કાયેદા

વીરૂધ

# ખોજા અબદલ્લા હાજી અલારખીઆ

ના ઊરદુ ચોપાનીઆ

નો

## તરજુમો.

---

## ઇશલામી વીચાર.

---

ગુલામ અલી ગુલામ હુશેન

---

મુંબઈ.

કાસીદ મુંબઈ પરેસ.

૧૮૮૦.

# બીસમીલલ્લા હીરરાહમા નીરરહીમ.

**અલહમદો લીલ્લાહ રબીલ્લ આલમીન વલ આકીબતો લીલ મુતતકીઈન વસ્સલ્લાતો વસ્સલામો અલા રસુલીહી મહમદીન વ આલહી વ અસહાબહી વ આહલેબએતહી અજમઈન.**

શુકરછે, તે પાકપરવરદીગારનો કે જે કુલ જહાંનનો માલેક છે અને દરૂદ (સલામ) હોજો તેના રસુલ હજરત મહામદ મુસતફા શલલાહો અલહે ઉપર તથા તેની આલ, અસહાબ, અને તેની ઓવલાદ ઉપર.

હું ખોજા અબદુલા વલદ હાજી અતારખયા એક કમીન કમતરીન મુસલમાન છું. અને સઘલા ઇસલામીઓની શેવામાં નમનતાઇથી વીંનતી કરૂં છું કે, મારી નયાત એટલે ખોજા આજથી સારા તરનશો વરશ થયા હીંદુઓમાંથી મુસલમાન થયા છે અને કેટલીક રશમો હમારી કોમમાં હીંદુઓની હતી અને થોડીક રસમો મુસલમાનોની હતી. અને આએ રસમોના માફક હમો આજ દીન સુધી ચાલતા આવયા છીએ. આજે ચાલીશ વરશના ઉપર હમારા કોમમા ખુદા જલશાનહોએ હમોને દીની ઇલમ પણ બક્ષયો, તયાર પછી હમારી કોમમાં બે તડા (ફીરકા) થયા, તેવોમાંના એક ફરકાએ શીઆ ઇસમાઈલીઆનો તરીકો અખતયાર કીધો, અને બીજા ફરકાએ શુનત જમાતનો તરીક અખતયાર કીધો, તે વાતને આજે તીશ વરશનો જમાનો ગુજરી ગયોછે; તયારથી તે પોતાની પોતા રસમ પ્રમાણે ચાલતા આવેછે. હમારી શુનતજમઆતની કોમમાં એક ખાંનદાન બહું પઇસાદાર હતો તે ખાનદાનમાંથી એક ભાઇ ગુજરી

ગયો એટલે કે હમેશગીના દરવાજાએ પોહચીઓ અને તે ભાઈ
નો મુબારક નામ "ખાન મુહામદ હબીબ ભાઈ" હતું, અને તે પો
તા પાછળ એક છોકરી અને બએરી મુકી ગઓ અને તે શીવાએ
આસરે પંદરથી સતર લાખ રૂપયા પણ મુકી ગયો અને વ
સીઅત નામું પણ લખી ગયોછે, કે જે વસીઅતનામાંનો તરસ
ટી એટલે કામ ચલાઉ મુતવલી, પોતાના નાનહા ભાઇ નામે
"આહમદ ભાઇ હબીબભાઇ"ને નેમયો હતો, આ ભાઈ આહમદભા
ઈ હબીબભાઈએ પોતાના મનમાં વીચાર કીધો કે મારા ભાઇની વ
સીઅતો પ્રમાણે, જો કદી ખરચ કરૂં તો મારા હાથમાંથી આસરે
૧૭ લાખ રૂપીઆ જતા રેહેશે, તયારે પોતાના દીલમાંથી કેટલા
એક કાયદા ઉતપન કીધા કે જેનો મતલબ શુનત જમાતના રસ
મથી ઊલટો છે, એટલે કે જો મરનાર પોતાના પછવાડે પોતાના
છોકરા મુકી જાએ તો તે મીલકતના ધણી તેના છોકરાઓ થા
એ અને જો મરનાર પછવાડે નારી એટલે છોકરીઓ યાને
સ્ત્રી મુકી જાએ તો તે મીલકતના વારેશ તેના ભાઈઓ થાએ
અને સ્ત્રી અને છોકરીઓને કશો હીશો લાગે નહી. આવો કાયદા પો
તાના દીલમાં ગોઠવીઆછે અને આએ કાયદા સરકારી હુકમ વ
ગર અમલમાં નહીં આવી શકે તયારે આએ આહમદભાઇ હ
બીબભાઈએ પોતાના એક દોસત જે નામદાર અંગરેજની કોરટ
નો એક જડજ (નયાયધીસ) છે, તેને કહયું હશે, કે હમો લો
કોમાં કાયદા વારસા બાબે નથી તે તયાર કરવા જોઇએ, તયારે
તે નામદાર જડજે કહયું કે, બહુ ઠીક, હમો બે અરજીઓ તયાર
કરીને બે જમઆતની પાસે મોકલએ છીએ. એક અર
જી ખોજા ઇસમાઇલીઆ શીઆને બીજી સુનત જમાતને તે બે
અરજીઓની મતલબ આએ છે કે "તમારી કોમમાં વારસાને લગ
તો કોઈ ધારો મુકરર નથી, તે માટે એક કાયદો હમો બનાવા
ચાહીએ છીએ. જયારે આ બે અરજીઓ બેઉ જમઆતને પોહ
ચી. તયારે શીઆ ઇસમાઇલીઆ ખોજાઓએ પોતાની જમાત
એકઠી કરી અને તે અરજીનો સાર વાંચી સંભલાવયો. તયારે
મજકુર મજલીસમાં આ વાત મુકરર થઇ કે હમોને હમારી જુ

ની રસમો જે ચાલતી આવેછે તે પસંદ છે, અને જે નવા. કાયદા સરકાર બનાવા ચાહેછે તેની કશી અગત નથી. તે માટે આએ નવા કાયદાના વીરૂધ જવાબની એક અરજી ઉપર આસરે પાંચ હજાર માણુશોએ શહી કરીને નામદાર જડજ શાહેબ ને મોકલાવી હતી.

બીજી અરજી સુનત જમઆતની પાસે આવી હતી. તવારે મજકુર આહમદભાઇ હબીબભાઇએ પોતાના જાત ભાઇની મજલીસ એકઠી કીધી અને નામદાર સરકારની અંગરેજી અરજી દેખાડી, કે આપણી કોમમાં વારસા હીસસાના કોઇ ધારા બાંધેલા નથી વાસતે તે કરવા જોઇએ. તવારે તે શુનત જમાતીઓએ જવાબ આપયો કે આપણુને કોઇ કાયદાની જરૂર નથી, કારણ કે આપણા વાસતે કુરાને મજીદ મોજુદ છે. પણ અંગરેજો પાસેથી આપણુને કાયદા જરૂર કરાવા જોઇએ. અને તે માટે આપણુને અરજી મોકલવી જોઇએ. પાછળથી આપણે જોઇ લેશું, એવું આહમદભાઇએ કહેવાથી થોડાક લોકોએ શહી કીધી, અને થોડાએકોએ તે અરજી ઉપર શહી કીધી નહી, અને જેવોએ તે અરજી ઊપર સહી કીધી તેવોને એવું સમજાવવામાં આવયું હતું કે, આપણા કાયદા શુનત જમાતના માફક કુરાન અને હદીસના મુઆફક થશે,

આશરે ૧૫૦ માણુશના સહીની ઉપલી અરજી નામદાર જડજ સાહેબ પાસે મોકલાવવામાં આવી હતી અને શીઆ ઇસમાઇલીઓની ૫૦૦૦ સહીની પેહેલી અરજી કબુલ થઇ નહુ તેનો સબબ એ હસે કે તે પાંચ હજાર માએલા કોઇની પણ ઇજત અંગરેજ સરકાર પાસે નહી હતી, કારણ કે તે સઘલા ગરીબ અને કોઇ પઇસાદાર હતા નહી, અને આએ ૧૫૦ સહીવાલી અરજી કબુલ થઇ તેનો સબબ એ હસે કે તે ૧૫૦ માણુશ માએલા એક આહમદભાઈ હબીબભાઇ બહુંજ માલદાર છે અને તે અંગરેજ સરકાર પાસે મોટી આબર ધરાવેછે એટલે કે ચીફ જસટીસ સાથે બહુ મીત્રાચારી હોવાના કારણે દોઢસો સહી વાલી અરજી કબુલ થઇ, નહીં તો આ નવા કાયદાની સામે

૫૦૦૦ સહીની અરજી ઘણી મજબુત હતી, કારણ કે "કહાં દોરસો ને કહાં પાંચ હજાર" પણ મજકુર **આહમદભાઈ** મુંબઈ બેંકના ડાયરેકટર હોવાથી તે કબુલ થઈ હતી. **હવે** જાણવું જોઈએ કે અંગરેજને પણ પઈસાદારની વાત **પસંદ** આવેછે અને ગરીબોની વાત કબુલ હોતી નથી.

૧૫૦ સહીવાળી અરજી ઉપર ધ્યાન લગાડી નામદાર અંગરેજ સરકારે એટલે કે **ચીફ** જસટીસ "સર માઈકલ રાબર્ટ વેસટરાપ નાઈટ" સાહેબે **એક** (કમીશન) મંડળી ૭ માણશોની કરવી. તે કમીશને બેશીને કાએદા એવા ઘડી કહાડીઆ કે જે કાએદાનો હવાલો કોઈ પણ કીતાબથી મલી આવતો નથી, તે ઉપર હમોને એવો શક ગયો કે નામદાર અંગરેજ સરકાર એટલે કે વેસટરાપ સાહેબની સાથે **આહમદભાઈ** હબીબભાઈની ઘણી દોસતી હોવી જોઈએ કે જે કારણે તે કબુલ થાઈ અને જો **મીત્રાચારી** નહી હતે તો દોઢસો સહીવાળી અરજીનો જવાબ **ખુલો** મલતે કે તમો આહમદભાઈ હબીબભાઈ સુની છો તે માટે તમારો ઇનસાફ હમારા સાંમે વારસાને લગતો **આવશે** તો **હમો** શુનત જમઆત પરમાણે ઈનસાફ કરસું, અને ઈસમાઈલીઆ કોમનો ઈનસાફ ઈસમાઈલીઆ ધારા પરમાણે કરશું. કેહવાની જરૂર નથી, પણ દુનીઆમાં પઈસાના સબબે આ વાતો થઈ છે.

હવે તે સાત માણસો એટલે કે આહમદભાઈએ જેઓ તે બાતર સરકારને સીફારસ કરી તે મુકરર થયા હશે, તે સાત ગરસથોન નામ મુબારક આએછે. મી૰ મેલવીલ સાહેબ પરમુખ, (૨) મી૰ ઇસપેનસર સાહેબ (૩) ઈસમાઈલીઆ ફીરકાનો નાએબ હીઝ હાઈનેસ આગા અલીશાહ (૪) આહમદભાઈ હબીભાઈ, તે સુનત જમાતનો સેઠીઓ અને નવા કાયદાની આગીવાની કરનારો (૫) જેરાજભાઈ પીરભાઈ પઈસાદાર અને આહમદભાઈ હબીબભાઈનો મીત્ર (૬) આહમદભાઈ હબીબભાઈ અને જેરાજભાઈ પીરભાઈની દોલતથી પરવરશ થએલો મી૰ રેહેમતુલા મહામદ સાયાની વકીલ, અને (૭) મો શેઠ ધરમશીભાઈ પુંજાભાઈ

ઉપલા સાત માણસોએ કાયદા ઘડીઆછે તેઓમાના બે અંગરેજ છે.¹ અને આપણા મુસલમાનોને આપણા ધરમમાં અંગરેજોને લેવાની કશી જરૂર ના હતી. અને માજી લારડ કેનીંગ અને લારડ લીટનના શને ૧૮૫૭ અને ૧૮૭૭ ના જાહેર નામાઓ પરમાણે પણ તેવોને વચમાં લેવા જોઇએ નહી.

એવોમાંનો ત્રીજો ગેરહસથ ઇસમાઇલી ઇમામોનો નાયબ હીઝ હાઇનેસ આગા અલીશાહ ઇસમાઇલી ધરમ પાલનાર છે. અને આએ કાયદાઓથી તે પણ ખુશી નથી; તે શીવાએ હમોએ સાંભલેલું છે કે, જે વખતે મજકુર છ માણશો સાથે એઓ કાયદા તયાર કરતા હતા તે વખતે એઓ તેઓનેજ કેહેતા હતા કે તમો ઇસલામથી જુદા કાયદા બાંધોછો તે હમોને કબુલ નથી કાંએક તે હમારા ઇસમાઇલીઆ ધરમના વીરૂધ છે. વલી એવું પણ કહ્યું હતું કે, હમો ઇસમાઇલીઆ તડ વાલાઓને ઇસમાઇલી કાયદા; અને આહમદભાઇ હબીબભાઇના તડ વાલા જેવન શુનત જમાતછે. તેવોને શુની કાએદા પરમાણે ધારા બાંધી આપવા જોઇએ. અને ઇસમાઇલી અને શુની કાએદા વીરૂધ બીજા નવા કાએદા કરવાની કશી જરૂર નથી? પણ ભાઇઓ ૬ ના સાંમે એકનું તે શું ચાલે? અને કેહનારના સુખનને વજન કહાંથી મલે, તયારે તે ઇસમાઇલી નાએબે કહીધું કે, જે કાયદાઓ તમો બનાવોછો તે હમોને પસંદ નથી.

બાકી રહેલા ચાર ખોજા મેમબરોની ટુંકમાં તવારીખ દરમીઆન, પેહલા મેમબર મી૦ આહમદભાઇ હબીબભાઇનો ટુંકમાં હેવાલ એ છે કે મરહુમ ખાન મહમદ હબીબભાઈ (આહમદભાઇના ભાઇ), એ પોતાની હયાતીમાં એક વસીઅત નામું કીધું હતું કે," મારા મરવા પછી આપણી કોમના ખોજાઓના છોકરાઓ માટે એક મદરસા કરવી. અને તે મદરસા તયાર કરવાને માટે હું (મરનાર ધણી) રૂપીઆ અઢી લાખ પોતાની પુંજીમાંથી આપું છું, અને દસ હજાર રૂપીઆ આપણી કોમની મસજીદના ખરચ માટે આપું છું." હવે આએ બે વશ

અતોને એટલે કે અડી લાખ રૂપીઆમાંથી મદરસા તયાર થઇ નહીં અને દસ હજાર રૂપીઆમાંથી મસજીદમાં શું ખરચ કરો. તે વાતને આજે વીસ વરસ ગુજરી ગયાંછે કે પોતા પાસે રૂપીઆ રાખયા પણ તેએ, કામોમાં ખરચ કીધા નથી અને આ ધણી સુનત જમાતનો થઇને કલામે મજીદથી ઊલટા જુદા કાયદા કરે તો કાફર થાએ છે, આએ આએતના તરજુમા પર માણે ખુદાનો કોલ છે.

(આયત.)—વ મંલમ એહુકમો બીમા અન જલલાહો ફઉલાઇકા હુમુઝ ઝાલીમુંન—માયાની.—અને જે કોઇકે નહી હુકમ કરે સાથ હુકમ અલાહના કે જે તેને ઉતારેલા છે, તો તેવા શખશો જાલીમ છે.

(આયત)—વ મંલલમ એહુકમો બીમા અનજલલાહો ફઉલાઇકા હુમુલ ફાસીકુન—માયાની.—અને જે લોક પરવરદીગારના હુકમ પર અમલ નહી કરે તે ફાસીક (લુચા) છે.

(આયત.)—વમંલલમ એહુકમો બીમા ઉનજલલાહો ફઉલાઇકા હુમુલ કાફીરૂન—માયાની.—અને જે કોઇ પરવદીગારે ઉતારેલી ચીજ પર અમલ કરે અથવા ન ચાલે તે માનસ કાફર છે.

આએ આહમદ ભાઇ સુનત જમાત હોવા છતા હમારી સુનત જમાતની મસજીદમા નમાઝ પડવા માટે આવતો નથી, તો હમારા ધરમ પરમાણે જે તારકુસ સલાત એટલે બંદગીને તજી દેનારા હોએ તો તેને સદા બંદીખાને રાખવાનો હુકમ છે અને જયારે તે તોબા કરે તયારે તેને છોડવો જોઇએ. અને જો એ વશી અત બજા લાવવા માટે જો હમારા કાજી હતે તો હમો તેના પાસેથી લઇ શકીએ છીએ. હવે આએ વખતના તમો કાજી છો વાસતે તમોએ આ વસીઅતના માફક આહમદભાઇ પાસેથી વસીઅતના રૂપીઆ લઇને તે વસીઅતનામા પરમાણે ખરચમાં લાવવા જોઇએ.

(હદીસ)

ઇન કાના વસીયુન આમીનુન આજીઝન ફલકાઝી ચેદમુ ઇલયહી મન યોઇનહુ

૫–એબદી મન તરકતલ મયતે બેતજહીઝ મીન ગઈરે તક સીરીન વલા તબઝીર સુમમા તકદ્દુમ દયુનહુ સુમમા ઇન અવસા બીહીત.વજબા તનફીઝહુ મીન સુલસીલ બાકી કઝા ફી કુતબુલ ફીકાએ વલ ફરાઇઝ

૬–અલવસી ફાસક, વ કાફીર વ અમદ ફઅજીમ અઝલ હુ વ અકામહુ કજા ફી ખઝાનતીલ મફતીઇના વ હા કજા ફી ફતાવી અલમગીરી વ દુરૂલ મુખતાર વ કુતુબી ફીહકા

માયની.–અગર તરસટી અમાનતદાર (મુતવલી) અમાનત દારી ચાલુ નહી કરસે તો તે વસાઅતો પુરી પાડવા. કાજીને સામીલ કરવો જોઇએ. ૫ તેની વસાઅત પરમાણે તે પેહલા તેની મયતનો દફન કફન કરવાનો ખરચ વધુ કે ઓછો ઠેરાવ કરે તયાર બાદ કરજદારોને આપે, તે પછી તેની બાકી ર હેલી દોલતમાંથી તીજા હીસાથી તેની વસીઅતો ચાલુ કરે જેમ ફીકા અને ફરાએઝના કીતાબોમાં લખેલું છે. "૬" મરનારનો મુ તવલી (તરસટી) ફાસીક યા કાફર યા ગુલામ હોએ તો વાજબ છે કે તેને દુર કરીને તેની જગોએ બીજાને ઉભો કરીને મરનાર ની વસીઅતો જારી કરવી. એવી રીતે ખજાનતુલ મુફતાતાન અને આલમગીરી અને બીજા ફીકાની કીતાબો તથા દુરરૂલ મુખ તારમાં લખેલું છે.

ખુદાતાલા કુરાન મજીદમાં ફરમાવે છે.

(આયત)

ફમન બદદલહુ બાદ મા સમઆહુ ફઇનનમા
ઇસમહુ અલલ લઝીના યુબદદીલુનહુ

મયાની.–૭ જે કોઇ તેના પાછળ બદલી નાખે છે તેનો સગવો ગુનહા બદલદારના માથે છે. બદલનાર ગુનેહગાર છે.

તફસીરે દુરરેમનસુરમાં લખેલું છે.

ઇબન અબી હાતમ અન સઇદ બીન જુબેર યકુલલ લાહો લીલ ઓસીયા મન બદદલલા વસીયતલ મઇયતે બાદ મા

સમેઅ વસીયત ફલમ યમઝા વસીયતા ઇઝા કાના અઃલન ફઇનમા ઇસમહુ યાને ઇસમ ઝાલેકા અલલ લઝીના યુબદ્દીલુ નહુ યાનલ વસી ઇનનેહા

મયાની.—૮ વીવાયત કીધી છે ઇબને અબી હાતમે સઇદ બીન જુબેરથી કે અલ્લાહો તઆલા ફરમાવેછે. વશીઓને કે જો કોઇ બદલ કરે વસીઅત મઇઅતની અને સાંભલી વશી અત તેની અને તેને ચાલુ નકી કરે તેના પાછલ જયારે વસીઅત દુરસત હોઇ મુઆફક શરા શરીફ તો તે ગુનાહનો આખો ટોકરો તેના માથે છે કે જે તેની વસીઅત બદલેછે,

બીજો મેમબર જેરાજભાઇ પીરભાઈ અસલ સુનત જમ આત હતો આજે દસ વરસ થવા આવયા છે કે, તે મજકુરા ઇશમાઇલી પંથમા ગયોછે અને જે શખશ કે સુનત જમાતના ધરમને છોડી દઈ બીજો ધરમ કબુલ કરે. (બીજા ધરમ ઉપર આવે) તો મુસલમાની બાદશાહતમાં તે સજા લાએક છે.

હદીસ શરીફમાં આવેલું છે.

(હદીસ)

મન બદ્દલા દીનહુ ફકતલહુ

મયાની.—"૧" જે કોઇએ બદલીઓ પોતાનો ધરમ તે તેને તમો કતલ કરો.

અને મુસલમાની બાદશાહતમાં તેની કંઈ પણ વાત મા નવામાં આવતી નથી.

તરીજો મેમબર રહીમતુલા માહામદ સાયાની વકીલ આગલા શુનત જમાત હતો પણ ચાર વરસ ઉપર તે ઇસમાઇલી પંથમાં ગયોછે તેનુ કારન કે બઇરીના વાસતે જે ધણી પોતાનો ધરમ છોડીને બીજો ધરમ કબુલ કરે તે ધણો નાદાનછે. હમારા શુનત જમાતમાં ઓરત કમ અકલ ગણ્યાએછે અને હોએછે. અને મરદ ધણો અકલમંદ ગણ્યાએછે. ધણાજ અકલમંદ ઉપર જો કદી કમ અકલવાલો ફાવી જાએ તો મોટી અકલવાલાની અ

લ નાદાન અકલ થઇ જાએછે. અને ઇસલામી સલતનતમાં તે સજાના લાએક છે.

હદીસ શરીફમાં આવેલું છે.

(હદીસ)

મન બદદલા દીનહુ ફકતલહુ

માયાના.—જે માણુશ બદલ કરે પોતાનો ધરમ તેને કતલ કરવો જોઇએ.

અને ઇસલામી બાદશાહતમાં તેનુ બોલવું તથા ગવાહી મંજુર નથી.

ચોથો મેમબર શેઠ-ધરમશી પુંજાભાઈ આગલ સુનત જમાત હતો તયાર પછી તે શેઠ'શીઆ ઇસમાઈલી પંથમાં ગયો છે, હમારા ઈસલામી ધરમ પરમાણે જે કોઇ શખશ પોતાનો દીન છોડીને બીજો ધરમ અખતયાર કરે તે, મુસલમાની હુકુમતમ સજાના લાએકછે.

હદીસ શરીફમાં આવેલું છે,

મન બદદલા દીનહુ ફકતલહુ

(હદીસ)

માયના--જે માણુશ બદલ કરે પોતાનો ધરમ તેને કતલ કરો તમો.

ઉપલા ચાર ખોજાઓની ઉપર કેહવા પરમાણેની તવારીખ છે તેથી કરી આવા બેદીન શખશો એટલે કે મજકુર ચાર ખોજાઓએ તયાર કરેલા કાએદા બુલંદી ઉપર પોંહચી શકતા નથી તેથી હમો આહલે સુનત જમાત આવા. કાએદાઓને કદી પણ પસંદ કરશુ નહી, સાથ હુકમ ખુદા અને રશુલના, કે હદીસ શરીફમાં આવેલું છે કે હજરત રસુલલાહે સલલાહે અલએહ વસલમ ફરમાવેછે.

(હદીશ)

લા તાઅતા લીલમખલુકે ફી માસીયતલ ખાલીક

માયના.—નથી તાબેદારી વાસતે કોઈ પણ મખલુકને કે જે નાફરમાની કરેછે અલાહો તાઆલાની.

હમારા કાએદા શરાના બાંધેલા તયાર છે તમોને જો કદ જરૂર હોએ તો કુરાને મજીદમાં જોવું, અને હદીસ શરીફમાં પણ તપાસ કરવી. હમારા વારસા કુરાને મજીદ અને હદીસ શરીફમાં મોજુદ છે, કેહેવાની કશી જરૂર નથી. અગર જરૂર હોએ તો કુરાન મજીદમાં શુરેહ "નીસા" તથા અનનનામાં જોઇ લેવું. અને ઉપલા ચાર માણશોના હેવાલમાં જો કદી તમુને ખોટું માલુમ પડે તો, એકથી કરી હજાર સાક્ષીથી સાબેત કરી આપીસ.

હમો સુનત જમાત નામદાર અંગરેજ સરકારને અરજ કરીએ છીએ અને યાદ આપીએ છીએ કે, હમો બેઉ કોમના (તડ) વચે કજીઓ ફેસાદ હમેશા ચાલેછે અને એક કજીઓ સને ૧૮૬૬ ઇસવીના એપરીલ અથવા જુનમાં અતરેની હાઇ કોરટમાં માજી જડજ સર જોસફ આરનોલાડ સાહેબ બારોને ની સામે ચાલયો હતો. તેનો જડજમેંટ સને ૧૮૬૬ ના નવેમબર માશમાં અપાયો હતો તે જોઇ લેવો જોઇએ. અને સર જોસફ આરનલડના ફેસલા માફક આ બેઉ ફીરકા (તડા) ઓને જુદા રાખવા જોઇએ, આ બેઉ તડામાં માંહોમા ધરમ સંબંધી મોટા વાંધા છે તેનો દાખલો આ છે કે મુંબઇ ની બાજુમાં માહીમ શેહેર વખાણાએલા છે તે શેહેરમાં ઇશવી શ ન ૧૮૫૦ માં હમો બેઉ કોમો વચે જબરી મારામારી થઇ હતી ને મા ચાર માણશો મારયા જવાથી તેના બદલામાં નામદાર અંગરેજ સરકારે ચાર માણશોને ફાંસી ચડાવીઆ હતા.

બીજો દાખલો હાલ તાજો થોડા વખતનો તયાર છે કે આસરે બે ચાર વરશમાં બે ખુન થયા છે તેમાં એક મુખી હસનભાઇ ગુલામહુસેનનો અને બીજો ખુન લાલન અલાદીનાનો કરાંચી મધે થયો હતો. આ બેઉ ખુનોના મકસદમાં જોઇ લેવાથી તમો સાહેબોને ખબર પડશે કે આ બેઉ ટોલાના અંદર મજહબી એટલે કે ધરમ સંબંધી બાબતોમાં ખુનરેજી થાએછે અને તેથી કરી પઇસાના વાસતે પણ બહું ખુનો તથા ખુન રેજી થશે. તેથી આ બેઉ તડોને જુદા રાખવા જોઇએ અને સર જોસફ આરનલડના કેહવાને પસંદ કરવું જોઇએ.

હમો સુનત જમાત સાથે તમો નામદાર બહું મોહબત રાખોછો કાંએકે હમારા કુરાન મજીદ અને ફુરકાન હમીદમાં અલ્લાહો તાઆલાએ પોતાના હબીબ (દોસત) એટલે હજરત મહમદ રસુલલલાહ સલલાહો અલાઈહી વ સલમે ફારમાવેલું છે.

(આયત)

**વલા તજદીન અકરબહુમ મવદદતલ લઝીના આમનુ અલ્લઝીના કાલુ આના નસારા**

માયના.—અને તું તે મલમે મોહબતમાં સઉથી નજદીક મુસલામાનોમા તે લોકંકે જેઓ પોતાને નસરાની કહેછે.

હમો સુનત જમાત આપ સાહેબને મોહબત વાલા અને દોસત સમજીને અરજ કીધી છે. અને નામદાર અંગરેજ સરકારને અરજ કરીએ છીએ. અને યાદ આપાતે છીએ કે ઇસવી સન ૧૮૫૭ અને સન ૧૮૭૭ ના "મલકે મોઅજમા કુવીન વીકટોરીઆં કએસરે હીંદ" ના જાહેર નામાઓ લારડ કેનીંગ અને લારડ લીટને રઇઅતને વાચી સંભલાવીઆ હતા કે "હર માજીસટી કુવીન વીકટોરીઆ એમપરેસ આફ ઇનડીઅ." સોગંદ ખાઈ ને કહેછે કે, હમો કોઇના ધરમના આડે આવસું નહી, અને કોઇના ધરમ વીરૂધ કોઇ પણ નવા કાયદા અમલમા લાવસુ નહી.

હમો શુનત જમાત એવું ચાહીએ છીએ કે, મજકુર ચાર ઓઝા એટલે બેદીનોના તયાર કરેલા કાયદા હમો ઉપર લાગુ પાડસો નહી. સાથ હુકમ અલ્લાહો તાઆલાના કે અલ્લાહુ તઆલાએ ફરમાવેલું છે.

(આયત)

**વલન યજઅલલલાહુ લીલ કાફરીના અલલ મોમનીના સબીલા**

મયાના.—કદી પણ અલ્લાહો તઆલા કાફરોને ઇસ લામીઓ ઉપર રાહ આપસે નહી. રાહથી મુરાદ આ ચાર મેઝબ (કાફરો) ની રાહ (મઝહબ) હમો સુન્નત જમાત ઉપર લાગુ નથી અને આએ ચાર મોઝબ હમારા ધરમ (ઇસલામ) માંથી નીકલી ગયા છે. સાથ હુકમ અલ્લાહો તઆલાના કે ખુદા ફરમાવે છે.

(આયત)

ઇન્નલ્લઝીના ફરરકુ દીનહુમ વ કાનુ શએન
લસતા મીનહુમ ફી શઇન.

મયાના.—એટલે કે જેઓએ નવા ભાગ પોતાના દીનમા કહાડયા જેથી કેટલાક ફીરકા (તડા) થયા તેઓથી તુંને કાંઇ કામ નથી.

હદીસ શરીફમાં આવેલું છે.

(હદીસ)

મીન આહદીસા ફી અમરેના હાઝા મા લેઇસા મીનહુ
ફેહુવા રદ મુતફીક આલેઇહી

મયાની.—જેઓ નવી વાતો કહાડે હમારા ધરમ વચ્ચે તે ચીજ કે જેની હસતી હમારા ધરમમાં નથી, બસ તેઓ મરદુદ છે એટલે કે જેઓ પોતાની અકલથી એક વાત કહાડે, કે જે ઇસ્લામમાં નથી તથા કોઈ કીતાબથી સનદ, જાહેર અથવા છુપી (જાહેર ખફી, લફ્ઝીયા મુસતનબત) નથી તેવા માણસો મરદુદ છે. હમારા ધરમમાં અલ્લાહ અને રસુલના હુકમોના વીરૂધ કોઇને હુકમ કરવુ, અથવા કોઇનો હુકમ માનવો, અથવા કોઇના કેહવા અથવા ફેલને સાબુતી પુગાડવી દુરસત નથી, અલ્લાહ અને રસુલના હુકમોના વીરૂધ

ઓસતાદ, અથવા પીર અથવા કોઇના હુકમે ઉપર કોઇ અમલ કરે, અથવા કોઇ તેવા હુકમ પસંદ કરે તે શખશ કાફર અને મુરતદ (પલીત) અને દીન ઇસલામથી બરતરફ (બદતાલ) છે.

હમારા ઉલભાઓ (ધરમ ગુરૂ) ની સનદ આએછે.

---

"જએદથી" મુરાદ ખાનમહામદ ભાઈ હબીબ ભાઇ છે અને ઉમરથી મુરાદ આહમદભાઈ હબીબભાઇ છે.

---

## સવાલ

"જએદ" પોતાની હયાતી અને સારી હાલતમા અને અકલ હુશીઆરીમાં વસીઅત કીધી કે મારા મુવા પછી દસ હજાર રૂપીઆ અને ૨૫૦૦૦૦ રૂપીઆ વાસતે મશજીદ અને એના મદરસાના કામમાં ખરચ કરવાને વસીઅત કીધી અને ઉમરએ જએદના મોત પછી તેના વસીઅતોના વીરૂધ રાખી મુકીઆ અને ખરચમાં નહી લાવયો, શરા શરીફ પરમાણે ઉમરના વાસતે સું હુકમ છે.

## જવાબ

"ઉમર" તે કરવામાં મોટો ફાસક (લુચે.) અને ગુનેહગાર થયો ખુદા જલશાનહુએ કુરાને મજીદમાં ફરમાવે છે,

(આયત)

તફશીર દુરરે મનસુરીમાં લખેલુ છે.

ફમન બદદલહુ બાદ મા સમીઅ ફઇનમા ઇસમહુ અલલ

લઝીના યુબદદીલુનહુ .

અખરજ ઇબના અભી હાતમ અન સઇદા બીન જુબેર યકુલસાહો લીલ આસગાંયે મન બદદલહુ વસીયતલ મઇયત બાદ મા સમીઅ વસીયતા ફલમ યમઝા વસીયતા ઇઝા કાના

અદલન ફઇનનમાં ઇસમહુ યાને ઝાલીક અલલલઝીના યુમદદીલુ નહુ યાનેઅલ વસી ઇનતહા.

(સહી) અબુલ હસનાત માહમદ અબદુલહી,
(સહી) નજીરહુસેન સયદ મહામદ,
(સહી) બતોફએલ નબી ઇબ્રાહીમખશ,
(સહી) સયદ શરીફહુસેન ઝ. શરફ સયદ કઉનએન,
(સહી) અબદુલ વહાબ ખાન સાહેબ,
(સહી) ફકીર ઉબેદુલલા અફી અનહુ સહી અલ જવાબે હુરરા,
(સહી) ફકીર નીજામુદીન અલ-જવાબ સહી,
(સહી) કદ સહીલ જવાબ કુતબ ખાદીમ અસસરા શરીફ કાજી શરીફ અબદુલ લતીફ અફી અનહુ
કાજી સહેર મુંબઈ.

---

જએદ ઉમર અને બકરથી મુરાદએ તરન સખસ જેરાજ ભાઇ પીરભાઇ, રહીમતુલા માહમદ સાયાની, અને ધરમસી પુંજા ભાઇની છે.

---

## સવાલ

જએદ, ઉમર અને બકર પેહેલા સુનત જમાત હતા તયાર પછી શીઆ ઇસમાઈલીઆ મજહબ અખતયાર કીધા, શરા શરીફ તેમના વાસતે શું હુકમ કરેછે.

## જવાબ

આ તરન શખશો ફાસક (લુચા) ફાજર થઈ ગયા તેઓ ઉપર સજા આવેછે.

મન બદદલ દીનહુ ફ કતલહુ

મયાની.—જે કોઇ બદલે પોતાનો દીન તેને તમો ફ

તલ કરો તથા તેને સજા કરો. અને તેઓનાથી મલવુ અને સલાહ કરવી લાજમ નથી ખુદા જાણે.

(સહી) અબુલ હસનાત માહમદ અબદુલહી,
(સહી) નજીર હુસેન સૈયદ મહામદ,
(સહી) બતોફૂએલે નબી ખ[illegible]ીબબશ,
(સહી) સયદ શરીફહુસેન ઞ શરફ સયદ કઉનેન,
(સહી) અબદુલ વાહબ ખાન સાહેબ,
(સહી) ફકીર ઉબેદુલલા અફી અનહુ સહી અલ જવાબે હુરરા,
(સહી) ફકીર નીજામુદીન અલ જવાબે સહી,
(સહી) કદ સહીલ જવાબ કુતબ ખાદીમ અસસર સરીફ કાજી સરીફ અબદુલ લતીફ અફીઅનહુ કાજી સહેર મુંબઈ,

---

**આ લોક મોઆફુકા બસફાત મજકુરા આહમદભાઈ હબીબભાઈ, જેરાજભાઈ પીરભાઈ, રહીમતુલા સાયાની વકીલ, અને ધરમશીભાઈ પુંજાભાઈ છે.**

---

## સવાલ

આ લોક મોશુફ બસફાત મજકુરા અંગરેજ સરકાર પાસે ઘણુા આબરૂદાર છે અને તેઓએ થોડાક ધારા વારસા હીસાના તયાર કીધા છે તે શરા શરીફથી વીરૂધ અને તેઓના અકલથી તયાર કરેલા છે તેવા કાયદાઓને કબુલ કરવા કે નહી.

## જવાબ

ઇસલામીઓને આવાં કાયદા કે જે શરા શરીફથી વીરૂધ હોએ તે કબુલ કરવા હરામ છે. ખુદાએ તાઆલાએ કુરાને મજીદમાં દરેક વારશના હીસા મુકરર ફરમાવેલાછે. અને દર એકનો હીસસો હજરત રસુલ મકબુલ સલલાહ અલેહી વ સલમે ફરમાવેલા છે તેથી કરી હીસા આપવામાં કોઇને ઓછો અથવા વધુ કરવાનો અખતયાર રહયો નથી. પછી જો કોઈ

બાદશાહ, અમીર અથવા ફકીર અને ગરીબના હીસા કરવામ પોતાની અકલ વાપડે તો તે ગુનહગાર ખુદાની નાફરમાની કરનારો છે. ખુદાતાઆલાએ તેના વાસતે અઝાબનો વાએદો કીધોછે. સીપારે લનતના, શુરે નીસામાં બયાન વારસા હીસસાનો છે. ખુદા તાઆલાએ ફરમાવેલું છે.

(આયત)

આબાઉકુમ વ અબનાઉકુમ લા તદરૂના અઇયહુમ અકરબ લકુમ નફઅન ફરીદતન મીનલ્લાહે ઇનનલ્લાહુ કાના અલીમન હકીમા.

અને તે પછી પણ ફરમાવે છે.

(આયત)

વમન યાસલ્લાહુ વ રસુલહુ વ યતઅદદ હુદુદહુ યદ ખુલુ નારન ખાલીદન ફીહા.

એટલે કે જે કોઇ ખુદાના ફરમાનમાં વધારો કરે અને અલ્લાહના હુકમ વીરૂધ વારસો હીસસો પોતાની દોલત વગેરાની વેહચીનીમાં કરે તો તે દોજખી છે.

બીજા ઠેકાણે પણ ફરમાવેલું છે.

(આયત)

વમનલમ યાહકુમુ બીમા અનઝલલ્લાહુ ફઉલાઇકા હુમુઝ ઝાલીમુન વમનલમ યાહકુમુ બીમા અનઝલલ્લાહુ ફઉલાઇકા હુમુલ ફાસેકુમુ વમનલમ યાહકુમુ બીમા અનઝલલ્લાહુ ફઉલાઇકા હુમુલ કાફેરૂન

એટલે કે જે કોઇ અલ્લાહના ઉતરેલા કલામ પરમાણે હુકમ નહી કરે, અને તે અમલમાં નહી લાવે તો, તે જાલીમ છે. અને તે કાફર છે. ખુદાતાલાએ આ તરણ શબદો ફરમાવલા છે.

હદીસ શરીફમાં આવેલું છે.

લા તાઅતલ મખલુક ફી માસીયતલ ખાલીક.

જે મુસલમાન અલ્લાહ અને તેના રસુલના ઉપર દીલો

જાનથી ઇમાન રાખતો હોએ તે ખુદાના હોકમોને દીલો જાનથી માનસે અને તે હુકમ અમલમાં આણશે. પણ જે કોઇ તે નહી માનશે તે કાફર છે. એ મસલો આરા મજહબના કીતાબોમા લખેલું છે.

વમા અલઇના ઇલ્લલ બલાગ.

(સહી) અબુલ હસનાત માહમદ અબદુલહી,

(સહી) નજીરહુસેન સયદ મહામદ,

(સહી) બતોફઅલે નબી ઇલાહીબખશ,

(સહી) સયદ શરીફ હુસેન ઝ.શરફ સયદ કઉનએન.

(સહી) અબદુલ વાહાબ ખાન સાહેબ

(સહી) ફકીર ઉબેદુલલા અફી અનહુ સહી અલ જવાબે હુરરા,

(સહી) ફકીર નીજામુદીન અલ જવાબ સહી,

(સહી) કદ સહીલ જવાબ કુતબ ખાદીમ અસશરા શરીફ કાજી શરીફ અબદુલ લતીફ અફીઅનહુ કાજી શેહરે મુંબઈ.

# બીસમીલ્લા હીરરાહમા નીરરહીમ.

**અલ હમદો લીલ્લાહ રબ્બીલ આલમીન વલ આકીબતો**
**લીલ મુતતકીઈન વસ્સલાતો વસ્સલામો અલા**
**રસુલીહી મહમદીન વ આલહી વ અસહાબહી**
**વ આહલે બયતહી અજમઈન.**

હું ગરીબ મીસકીન ખોજા અબદલા બીન હાજી અલા રૂપીયા નમ્રતા અને આજેજીથી "ખોજા સુનત જમાત"ને યાદ દેવાડું છું, કે આપણે કેટલાક વરશોથી સુનત જમાત છે, અને આપણુ ખોજા સુનત જમાત પરમાણે ચાલતા આવીઆ છીએ. અને સાદી તથા ગમી વગેરા પણ શુનત જમાત પરમાણે કરતા આવીઆ છીએ. અલાહો તાઆલાનો ફરમાન છે.

**દલીલ–અતીઉલલહા વ આતી ઊરરસુલા.**

માઆની–ફરમા બરદારી કરો તે પાક પરવરદીગારની અને તેના રશુલ (નબી) નું કેહવું માનો.

આ આયત પાકના મુજબ આપણે ચાલતા આવીઆ છીએ અને હવે આપણા "ખોજા સુનત જમાત" ના વીરૂધ વારસા હીસસાની બાબતોમા કેટલાક ધાન નીકલનારછે. અને આ ધરમ વીરૂધ કાએદા જો આપણુને લાગુ પડશે તો અલાહુ તાઆલાએ ફરમાવેલું છે.

**દલીલ–વ મન યાસીલ્લાહો વ રસુલહુ વ યેતાઅદદ હુદુદહુ યુદખીલહુ નારન ખાલીદન ફીહા વલહુ અઝાબુન મોહીન.**

માઆની–જે કોઈ નાફરમાની કરે ખુદા તથા તેના રસુલ (નબી) ના, અને તેની હદોથી બાહેર જાએ, તો તેને હમેશા આ

નશમાં દાખલ કરશે અને તે (નાફરમાની કરનારો) જાથુક તેમાં રેહસે અને તેના ઉપર દાએમ (હમેશા) અજાબ (સખત) થતો રેહેશે.

એટલે કે જે કોઇ તે પાક પરવરદીગાર અને તેના નબી અકરમં ના ફરમાનમાં વધારો કરે અને વારસા હીસસા બાબે પરવરદી ગારે કરેલા હુકમના વીરૂધ કરે તો તે દોજખી છે. અને વલી બીજી જગાએ કુરાને મજીદમાં અલાહ સુબહાનહુ ફરમાવે છે.

દલીલ—વ મલલમ યાહકમો બીમા અનઝલધાહો ફઉલાઇકા હુમુલ કાફીરૂન.

માઆની—જે કોઇ પરવરદીગારે ઉતારેલા પર હુકમ નહી કરે અને તે અમલમાં નહી લાવે તે કાફર છે.

હવે એ ભાઇઓ એટલે બોજા શુનત જમાત આપણે તો કામ કરવું જોઇએ કે જેમાં શુનત જમાતનો તરીકો જે આપણે અખતયાર કીધો છે, તે લાગુ હોએ અને જો તેના વીરૂધ આપણે નવા નવા અકલી કાયદા કહાડતા રેહશું, તો આપણને પણ યાહુદી તથા નસરાનીઓના કાએદા લાગુ પડશે, ખુદાના ફરમાન પરમાણે.

દલીલ—ઇનલલઝીના ફરરકુ દીનહુમ વ કાનુ સેઅત લશતા મીનહુમ ફી શએઇન

મઆની—જેઓએ રસતા (રાહા) કહાડી પોતાનાં ધરમમાં અને તેથી કેટલાક ફરકાઓ થયા તેથી તુંને કઇ કામ નથી.

યહુદીઓ, નસરાનીઓ પોતાના ધરમમાં નવા નવા ધારાઓ કહાડેછે, તેથી કરી તેઓ સઘલા મુશરક છે અને જો આપણે પણ યાહુદી અને નસરાનીઓના માફક કદાચ નવા કાએદા કહાડશું. તો આપણને પણ નીચલી હદીશ માફક બેતાબ (લકબ) મલશે.

**રસુલલ્લાહ સલલાહો અલએહી વ સલમે ફરમાવેલું છે.**

**હદીસ—મન તશાબબહા બી કોમીન ફહુવા મીન હુમ.**

મઆની—જે કોઇ બીજા કોમની મોસાબીહત (ચાલ ચલન) પકડે તે શખશ તેમાંથી છે.

એટલે કે વારસા હીસાના ધારા બાંધવાથી આપણે પણ યાહુદી અને નસરાની બનીશું.

ઓ શુનત જમાત ખોજા ભાઇઓ આવા કુફર અને મુશરક યાહુદી અને નસરાની લકબો (ખેતાબ) થી બચવા માટે તમારે આ કમીન અને કમતગીન ફીદવીએ (શેવકે) આ તજવીજ કરીછે. કે હજી વેર તે કાયદા અમલમાં અથવા જાહેરમાં આવેલા નથી. તે આગમજ એક અરજી નામદાર ગવરનર સાહેબને આપણે શુનત જમાત ખોજાઓ મલીને કરશું, તો તે કુફરી કાયદા (ખોજાઓ તથા અંગરેજોએ બનાવેલા) આપણને લાગુ પડશે નહી.

આ યાદ આપવાનો સબબ એ છે કે આ ગુલામે પેહેલ વેહેલા એક અરજી ખોજા સુનત જમાતની કારોબારી મંડલીને ગુજારી હતી. તે અરજીનો સાર એછે કે "જે કોઇ ગરહસથ શુનત જમાત થઇને ઇસલામી કાયદા (શરા) વીરૂધ નવા કાયદા કહાડશે અને તે પરમાણે ચાલશે તો કાફર થશે, તે માટે આપણુ યાને સગલા શુનત જમાત ખોજાઓને ફરીથી બીજી વખતે જમાત એકઠી કરવી જોઇએ અને બહું મજબુતીથી તકરાર અને વીચાર કરી જો કાએદા આપણુ બધા ખોજા શુનત જમાતને પસંદ પડે તે ઉપર અમલ કરવું જોઇએ.

આ મતલબની આ ગુલામે અરજી કરેલી હતી. તે અરજીના જવાબ કરોબારી મંડલીએ પોતાની શભા બોલાવી અને એકઠા મલી બહું ગુફતગો પોત પોતામાં કરીને મારી અરજીનો જવાબ આએ મોકલીએ હતો "કે તમો જે કાએદા માટે લખોછે. તે ધારા પુરા થયાછે. (ધારા બની ચુકા છે) તેમાં વાત ચીત એટલે જમાત એકઠી કરવાનો કામ નથી." . એટલે કે હમો કાફર બનવાને રાજી છીએ. પણ તમારા કહીયા પરમાણે જમાત એકઠી કરશું નહી.

જયારે ઉપલી મતલબનો જવાબ આ ગુલામ અબદુલાને સુનત જમાતના પેશકારો તરફથી મલયો, તયારે હુ એક અરજી ગુવરનર સાહેબને કરી, તેની મતલબ નીચે પરમાણે છે.

"કે હમો ખોજા સુનત જમાત છીએ, અને હમોને શુનત જમાતના કાએદા કબુલ છે. અને નવા કાએદા જે કમીશને ઘડી કહાડયા છે તે હમોને કબુલ નથી; કમીશનમાં જે ચાર ખોજાઓ હતા.. તેઓ હમારા ઇસલામી (માહમદી) કાએદાઓથી બીલકુલ અજાણ્યા છે અને હમારા દીન ઇસલામની બીનાથી માહરૂમ (કમનસીબ તથા ગાફેલ છે.) અને તે ચાર ખોજાઓએ બાંધેલા કાએદા જો કદી હમો કબુલ કરશું તો શુનત જમાતમાંથી નીકલી જશું એટલે કે કાફર બનશું; તે માટે હમો શુનત જમાતીયા ખોજાઓ તમો નામદાર ગવરનર શાહેબને અરજી કરીએ છીએ કે, આપ નામદારે આ કાફર બનાવવાવાલા કાએદા પસંદ કરવા નહી એટલે કે પસાર કરવા નહીં, કારણ કે નામદાર એમપરેસ ઓફ ઇનડીઆ કુવીન વીકટોરીઆના જાહેર નામાઓ હીંદુસતાનના વાઇસરાઇ (સુબાઓ) લારડ કેનીંગ અને લારડ લીટને શને ૧૮૫૧ અને ૧૮૭૬ મા બાહેર પાડયા હતા. તે જાહેરનામાઓની મતલબ એ હતી કે "નામદાર કેસરે હીંદે સોગંદ લીધાછે કે "હમારી બરીટીશ સરકાર કોઇના ધરમના વચે પડશે નહી, અને કોઇના ધરમ વીરૂધ કશા પણ ધારાઓ અમલમાં લાવશે નહી." તે ધ્યાનમાં રાખી આપ નામદાર સાહેબે આ નવા ધારા જે હમારા માહમદી કાયદાઓના વીરૂધ છે. તે પસાર કરવા જોઇએ નહી.

જયારે ઉપલા મતલબની અરજી આ ગુલામની નામદાર ગવરનર સાહેબને મલી તયારે ગવરનર સાહેબે તે અરજીનો જવબ લખયો, તે જવાબનો સાર એ છે કે" જે કાએદા માટે તમો લખોછો તે જયારે હમારી મજલીસ (કાઉનસીલ) માં દાખલ થશે તે વખતે હમે તમારી અરજી મજલીસ (કાઉનસીલ) માં રાખશું એટલે કે હાલમાં તો તમારી અરજી અને તે નવા કાયદાનો ખરડો તો પેટીમાં બંદ કરી મુકી આપશું, અને તમો ખોજા માટે શુનત જમાત (શરા મુહમદી) થી વીરૂધ કાએદા • હમો પસંદ કરશું નહીં.

ઉપલા સારનો જવાબ ગવરનર સાહેબ તરફથી જયારે આ ગુલામને મલયો તયારે જે વાતનો જીવમાં ખોફ હતો, (કાફર બનવા) તે દુર થયો.

હવે ભાઇઓ (ખોજા શુનત જમાતીઓ) ને આ ગુલામ અરજ કરીને સવાલ કરેછે કે ગવરનર સાહેબનો જવાબ સારો છે કે ખોજા શુનત જમાતની કારબારી મંડલીનો તે પણ મને તો જવાબ ફરંગીનો સારો ખોજા શુનત જમાતની કારોબારી મંડલીના જવાબ કરતાં લાગેછે. તે ઉપરથી મને આ બેત યાદ આવી છે·

(બેત) દરતાર કમર બંદસે લંગી બેહતર,
આઇસે મોમીન મુનકરસે ફરંગી બેહતર.

ભાઇઓ એટલે આપણુ ખોજા સુનત જમાત થઇને ખુદા અને તેના પાક રસુલે કરેલા વારસા હીસસાના કાએદા નહી કબુલ કરવા અને કમીશને બાંધેલા અકલી કાયદાઓને આપણે કબુલ કરેશું. તો આપણે ખોજા સુનત જમાત નામના થયા. તેથી ફરી સાયદીનો કોલ આપણા ઉપર લાગુ પડશે.

(કતઆ)

હેચ સએકલ નીકો નદાનદ કરદ,
આહનીગ કે બદ ગોહર બાશદ. ૧
ચુંન બુવદ અસલ જવહરે કાબીલ.
તરબીઅતગ દરો અસર બાશદ. ૨
સગ બ દરયાએ હફત ગના બશોએ
ચુંકે તરસદ પલીત તર બાશદ. ૩
ખરે ઇસા ગરસ બમકા બુરંદ.
ચું બીઆયદ હુનોઝ ખર બાશદ. ૪

૧. જે લોહડું જાતે ખરાબ હોઇછે તેને જોએ તેટલું સાફ (સીકલ) કરે તે સાફ થઇ સકતો નથી.

૨. જીઆરે અસલ સારી હોઇછે તેને નસીહત અસર કરેછે.

૩. કુતરાને સાત ૭) સમુદરના પાનીથી ધુવરાવે તો પણ જીઆરે તે જીંજાલાસે વધારે ખરાબ થસે.

૪. ઇસાનો ઘદેડો અગર મકકા જઇને પાછો આવે તો પણ ઘદેડો રેહસે.

ભાઈઓ આ ગુલામ (અબદુલા) તમો એજ સુનત જમાત ભાઈઓ પાસે અરજ કરેછે કે, આપણે સરવે ભઈઓ (એજ સુનત જમાતને) અલાહ અને રસુલની પેહેરવી ઉપર ચાલવું જોઈએ અને અલાહોતાઆલા આપણે દીને મહમદીમાં ખાતેમા બએર કરે ખુદાનો ફરમાન છે.

(દલીલ)

વ મંઈ યેબતેગા ગેરલ ઇસલામે દીનન ફલંઇ

યુકબલા મીનહુ.

માયની.—જે કોઈ તલાશ કરે મુસલમાની (સુનત જમાત દીનના) સીવાએ બીજો ધરમ કદી પણ તે કબુલ થનાર નથી.

એટલે કે દીને ઇસલામ સીવાએ બીજો કોઈ પણ ધરમ કબુલ નથી અને દીને ઇસલામ સરવે ધરમોથી બેહતર છે,

આ શરવે બયાન કરવાનો મતલબ એ છે કે જે કાપેરો કમી શને કરયા છે તે રદ કરવા માટે આ યાદનામાં સાથે એક અરજી આ ગુલામે (અબદલા) એજ શુનત જમાત ઉપર મોકલાવીછે.. તે અરજી પર તમો સાહેબોએ સહી કરી આ ગુલામ પાસે મોકલાવી આપવી કે આ ગુલામને તમો સાહેબોની સહીઓ કાઉનસીલ માં કામ આવે.

બીજું લખવાનું એ છે કે તમો સાહેબોને તથા આ ગુલામ (અબદુલા) ને તે પાકપરવરદીગાર પોતાના રશુલના મદદથી આ પાક આયત પરમાણે ચાલવાની હીદાયત આપે.

(દલીલ)

મંઇ યુતીઇર રસુલા ફકદ અતાઅલ્લાહ.

માયની.—જે કોઇ કેહવું માને રશુલનો તે ખરેખર ખુદાનું કહેવું માનયું.

એટલે કે શુનત જમાતના તરીકા ઉપર ચાલવાની હીદાયત આપે.—જયાદા વસલામ,

મુંબઈ તા૦ ૭ મી રજબ, રોજ બુધવાર ૧૨૯૭ હીજરી,

# ખોજાઓના નવા કાઇદા સામે ખોજા અબદલ્લા હાજી અલ્લારખીઆની અરજીના ખુલાસા વીસે વીચાર.

(કાસીદ મુંબઈ તા૦ ૩૦ મી જુન ૧૮૮૦)

ખોજાઓના ધરમ વગેરા માટે હમારા પત્રમા બહુ લખ્યા થી ફરીથી તેમના ધરમ વીસે બોલવાને હમો વાજબી ધારતા નથી લેકીન એ કોમમાં વારસા માટે જીઆરે વાંધો ઉઠે છે તીઆરે કેટલાક ખરા અને કેટલાક ખોટાના પક્ષમાં દીન અને ધરમની દરકાર ન કરતા દુનીઆનો માલ લપેટવા યાને ખરા વારસનો હક ડુબાવા કોરટ જાઈ છે, અને તીઆં પર જેમ બને તેમ ખરી ખોટી ગવાહી રીવાજની આપે છે, જે શાક્ષીમાંથી ખરી શાક્ષી કોનની છે, તે તપાસવા કોરટને મોહટી જેહમત પડે છે, તે માટે નામદાર કોરટના ફરમાસથી સરકારે ખોજા ગનીઆતને એવી એલતમાસ કરી કે તમારામાં વારસા હીસાને લાગતા કાઇદા નહી હોવાથી કોઈ પણ ધરમના કાઈદા તમુને પસંદ આવે તે બહાલ રાખવામાં આવસે, અથવા તમારા માટે નવા કાઇદા ઘરવા એક કમીશન નેમવામાં આવસે, જે દરખાસત ખોજાઓ બહાલ રાખવાથી તે કાઇદા ઘરવા મી૦ મેલવીલ મી૦ સપેનસર, હી. હાઇનસ આગા અલીશા, મી૦ આહમદભાઇ હબીબભાઈ. મી૦ જેરાજભાઈ પીરભાઇ, મી૦ ધરમસી પુંજાભાઈ, તથા મી૦ રાહમતુલ્લા મહમદ સયાની, એ (૭) સાત ઘરસથોની કમીશન નેમાઇ હતી, અને તઓની એક બે બેઠકો પણ થઇ હતી, લેકીન એ બેઠકોમા મજકુર કમીશનરો સામે કોણ કોનની શાક્ષી લેવામાં આવી અથવા નહી તે બાબે કાંઇ જાહેર બોલાયું નહી, લેકીન બે અંગરેજો અને અલીશાને બાદ કરએ તો બાકી રહેલા ચાર ખોજાઓ દીન મહમદીના કાનુન કાઈદાથી માહેતી ધરાવતા હોય તો કુરાન શરીફના બર ખીલાફ અકલી કાઈદા ઘડી કહાડવા શું તઇયાર થતે?

આફરીન અને શાબાસ છે આગાઅલીશાપર કે જે ઇસલામ ઇલઆ ધરમનો એક નાએબ અને ખોજા કોમના મોહટા દોસ્તો

પેશવા અથવા હાદી છે, અને તેના માનનારા ખોજાઓ તેમને જોઈએ તેવી રીતે માનતા હોઈ અથવા તે જોઈએ તેવા મારગ પર ચાલતો હોય તેથી હમુને કાંઇ નહી, પણ હમુને મોહટી ખુશહાલી એ છે, કે એ "નામદારે મજકુર કમીશનરના સામે એવું બોલઆ કે હમો ઇસમાઇલઆ છે, અને હમુને ઇસમાઇલી કાઈદા જોઇએ, અને જો તમો જે કાઇદા કરવા માંગોછો તે હમારા દીનથી ઉલટા છે, અને તેહમુને કબુલ નથી, તથા આહમદભાઈ હબીબભાઇ શુનત જમાત છે, તેને પણ ઇસલામી કાઇદા કબુલ રાખવા જોઈએ, અને નવા કાઈદાની કાંઇ જરૂર નથી. કેહવત છે કે દુનીઆ લગી મીઠી આકેબત કીને દેખી, ફીર માને કોન ! ઝર એવી બલાછે કે ઇસવરી દાવો કરાવે છે, ઝર તે બલા છે નબી અને રસુલોની સચાઇને જુઠાલાવવા હીમંત કરે છે, ઝર તે બલા છે કે અસહાબો અને ઇમામોને મોહટી જેહમતમાં નાખવા શહીદ કરાવીયું છે એ ઝર એવી બલા છે, કે દીન ઈમાનને નુકસાન પુગાડતા મા બાપ બહેન ભાઇમાં રૂસવાઇ કરાવતા થોડાક દીવસ પોતાની મજો બતાવી સેવટ ધદેડે ચરાવે છે, અને જેમ ફીરઉન સદદાદ વગેરાનો નામ નીશાન રહીયું નથી, તેનું કારણ એજ છે કે તેઓ દોલતની ધુંદીમાં પરવરદીગાર અને તેના નબીના કોલથી બાગી થયા હતા, અને જે ખુદાના હુકમ અને નબીના કોલથી જાની બુજીને ઉલટો ચાલે અથવા બીજાને પોતાના સાથે મેલવી લેવાની કોશીસ કરે અને જાહેરમાં મુસલમાન ને બાતીનમાં કુરાનશરીફ અને હદીસથી ઉલટો ચાલે તે એક મુરદાર કુતરાથી બદતર છે, એટલુંજ નહી પણ દીન દુનીયામાં કાલા મોહડાના લંગુર પરમાણે કાલી ઠીકરી જેવો થશે અને તેનો આકેબત પણ તેના લાયકી દુજખયા સાથે થસે,

ખોજા અબદુલા હાજી અલારખીઆ તરફથી એક બાર અને બીજો આંટ શફાનો ચે.પાનીઉ ઉરદુ જુબાનમાં ખોજા સુનત જમાત થઇને કુરાન શરીફ અને પયગમબરની હદીસથી વારશા બાબે ઊલટુ ચાલવાની પેરવી કરવાની કોશીશ બાબે કરેલા ખુલાશા સાથ હદીશો અને દલીલોની ગવાહી ઇશલામાં રૂકન પરમ ને ઓલમાઓની શહાદતની ગુજારીછે તે વાજબી અને હકછે. આ દુનીયામા

ઘણાક શકેમ દોલ થયાછે પણ તેઓ શગલા પોત પોતાના ધરમન કાનુનને માન આપતા આવીઆછે અને ખુત પરશતો અને યાહુદીઓનો ધરમ શથાપણ થાવાને હજારો વરસો ગુજરી ગઆછે અને તેમનામા ઘનાક વીદવાનો થઆછે તેમજ ઇશલામી ધરમને શથાપન થવાને નજદીક ૧૩ તેરશો વરશ થવા આવીઆછે એ દરમીઆન ઘનાક વીદવાનો થવા પણ તેમના કોલને માન સગલાઓ આપીયાછે અને ખોજા જેમના ઇશલામને આશરે આરશો વરશ થઆછે અને હજુ સુધી ઇસલામી ધરમના કાનુન કાયેદાને માન આપતા હવે પોતાની ખુગી મતલબ પુરી પાડવાના ઇરાદાથી એક નવો રખતો ઇશલામમા નાખવા માગેછે તે પર નામદાર શરકારએ દીઆન આપવું જોઇએ.

હીંદુશતાનની શરજમીનમાં કરોદો મુશલમાનો બીજા ધરમ માંથી વટલેલાછે તથા વટલતા જાએછે અને જો મજકુર ખોજા પરમાને તેઓની વારસાનો હક બાતલ કરવા એવા પગલા ભરે તો ઇશલામી ધરમની આજાદીમા એક રખનો નાખવા જેવુ થશે માટે નામદાર શરકારને લાજમ છે કે તે માટેની પુરત જુસતજો કરવાથી ખરા ખોટાનો શગલો ભનદોલ માલમ પડશે

—:०:—

## ખોજઓમાં બે તડા થવા બાબે ખુલાશો.

જસટીસ આરનલડ ખોજા કેશમાં કરેલા ખુલાસાના નીચે ટાંકેલા કેટલાક ફકરા અગતના છે, જે ઉપરથી સાફ જણાઇ છે કે ખોજાઓમાં અશલથી ધરમ સંબંધી નહી પણ પઇશા માટે ફસાદ એ નાતમાં ચાલતો આવઓ છે. અને એ ફસાદની આગેવાની માં ખાશ આહમદભાઇ હબીબભાઇનો બાપ હબીબભાઇ ઇબરાહીમ અને બીજાઓ હતા, અને માહીમ ખાતે પણ ખુનો સાજન મેર આલાની દોલતને લાગતા જઘગ પરથી થઆ હતા, શને ૧૮૫૧ મા શર અરસકીન પેરી ( Declaration of Right ) હક શંબધી ચુકાદો કરવાથી ખોજા નાતમા સુલેહ ચાલી અને નાત બાર જમાતમાં દાખલ થઆને નવો જમાત ખાનો કબારી

નાખીઆ. ૧૮૬૧મા એક કાગલ આગાખાન કહાડવાથી ફરીથ એ નાતમા ફસાદ થઓ હતો ત કાગલમા અસલી રીવાજના બરખલાફ અને આગાખાણના વડાના ધરમ પર ચાલવા ~~વીસ~~નુ હતુ, તે ઉપરથી શુની પંથનો બી એ નાતમા રોપાઓ. અને મજકુર ખોજાઓ અબદુલ્લા આલારખીઆના કેહવા પરમાણે ખાસ ખોજા સુની છે, તથા તેઓ ખોજા કેસમાં શુનીનો દાવો કરયાછે તીઆરે તેમને નવા કાઇદાની અગત શું ?

મુંબઇના ખોજાની જમાત અથવ મંડલી સાથે આગાખાણનો પોતાનો શબંદ કેવો છે:—

"એના પેહેલા સંબંધ તો તેઓ શાથે કજીઓ અને ફીશાદને લાગતો હતો એવું લખેલુ માલમ પડે છે. હાલના જે વાદીઓ છે તેમાંનો ચાલાક અને વગવાલો આહમદ હબીબભાઈ તેનો બાપ હબીબ ઇભરામની આગેવાનીથી વાદીઓએ ૧૮૨૯માં "દશુન" ઇમાને પોતાની કમાઇ ઉપર કાંઇએક ટકા આપવાને નાપાડી શામને થઆ હતા. એ લોકોનુ શામને થવું તેને તોડી પાડવા માટે આગાખાંને પોતાના ખાશ આડતીઆ તરીકે મુંબઇ ખાતે મીરજા અબદુલ કાસમને મોકલીઓ હતો, અને તેની શાથે એક ઘણીજ ચાલાક ઓરત મેરીબીબી જે આગાખાનની મમાઇ થાએ તેપણ આવી હતી. તેણીએ પોતે જમાતખાનામાં જમાવ થએલા ખોજાઓ આગલ તેઓના મુરશદના દાવા બાબત બલતવાણીથી માશાણુ કીધુ અને મોતી અશર ઉપજાવી એવું માલમ પડેછે:

ઇસવી સને ૧૮૨૯ના શાલમાં ખોજાઓ ઉપર શુપરીમ કોરટમાં એક બીજા તરીકે ફરીઆદી માંડી કે તેઓ પાસેથી એ કર વસુલ કરવા માટે હોકમનામુ થવું જોઇએ. આએ ફરીઆદીનાં જવાબની ૪થી કલમમાં આગાખાન કેહે છે કે, એ ફરીઆદી કાંઇ તેના હોકમથી માંડી નથી, પણ એક વકાલત નામુ જેના ઉપર આગાખાનની મોહોરથી સીલ કીધેલું છે, કે " મુંબઇ મધે કેટલાએક બદ ખશલતના માણશોએ બેઅદબીનો પાઓ નાખીઓ છે, વાશતે જરૂર થઈ કે તેઓના ઉપર અંગરેજની દરબારમાં (મીરજા અબદુલ) એણે ફરીઆદ માંડવી." આએ પરમાણે રીત

સર થના મલીઆથી ફરીઆદી માંડવામાં આવી હતી, પણ ચલાવી નહી તેથી તારીખ ૨૨મી જુલાઇ ૧૮૩૦ ને રોજે તે ફરીઆદી કહાડી નાખી.

આએ બીલ જે શંજોગથી ફાઈલ કરવામાં આવીઊં તે જોતાં તો તેના ઊપર ઘણી અગત લગાડવી એ મારા વેઆનમાં વાજબી નથી લાગતું. આવા ફેર વસુલ કરવા માટે એક અંગરેજી કોરટમાં ફરીઆદ માંડવાથી જે શાર નીકલી શકે તે વીસે આગાખાન શરખો ઇરાનમાં રેહતો ઉમરાવ અધુરી ખબર ધરાવતો હોએ એમ બની શકે. તેણે તે ફરીઆદી આગલ ચલાવી નહી એ ઊપરથી વાજબી અને અકલ કબુલ કરે એવો ખુલાસો એમ થાએ છે કે, તેને ચોકસ ખબર મલવાથી તેને માલમ પડીઊં હોએ કે તેને આએ ભુલ ભરેલી ફરીઆદી માંડી છે, અને તે ઉપર થી તેણે તે માંડી વાલી એમ હોએ, પણ એ વીસે ચોકશ ખબર તો એ છે કે, આએ ફરીઆદી છોડી દીધા પછી જે જુદા પડી શામને થઆ હતા તેઓને મુંબઇની જમાત આગલ બોલાવી મંગાવીઆ અને તેઓ પાસે જે ફીઇ માંગી તે આપવા ના કહું તેથી તેઓને નીઆત બહેર મુકીઆ. આ ઉપરથી ૧૮૩૦ના શાલ માં હબીબ ઇભરામ અને તેના શાથીઓ શઘલા મલીને બાર જણા હતા તેથી તેઓને બાર ભાઇ કેહતા હતા. તેઓને મુંબઈની સઘલી ખોજાની જમાત જમાતખાનામાં એગી થઇને નીઆત બાર કાહાડીયા. ૧૮૩૫માં તેઓએ પોતેજ અરજી કરવા ઉપરથી ને આગાખાનના હોકમથી તેઓને જમાતમાં પાછા લીધા, તે એવ શરતથી કે, તેઓ ઉપર ચડેલી ફીઈ તેએ આપે (કે જે તેઓએ આપી) અને રાબેતા પરમાણે જે લવાજમો હવે પછી શરકાર સાહેબના હીશાબે તેઓ પાસેથી માંગવામાં આવે તે આપીઆ કરે.

એ વખતથી તે છેક ૧૮૪૫માં આગાખાન મુંબઇ મધે આવીઓ તાંહાં શુધી એ જમાતમાં કાંઇ પણ વધારે બખેડો થવા બાબેની નોંધ નથી:

૧૮૪૬-૪૭-૪૮મા આગા ખાન કલકતે હતો તે દરમીઆન સાગન મેરઅલીના દોલત બાબે ફસાદ ઉઠયો અને એક રીવાજ અને આગા ખાન વાલા કુરાન ઉપરમાને દાવા કરતા હતા અને બે તડા થયા.

૧૮૫૦માં આએ ફશાદમાંથી મેહમ ખાતે એક અફસોશ ઉપજાવનાર બનાવ બનેઓ બાર ભાઇની ટોલકીના ચાર ખોજા ઓને શાંમની તરફ વાલાઓ માહેલા કેટલાએકોએ મારી નાખીયા હતા, અને તેમાંના ૧૯ જણાઓની આ ગુના માટે ૧૮૫૦ના ડીસેમબર માશમાં માજી શુપરીમ કોરટમાં તપાશ થઇ અને ચાર જણાને મોહોતની શજા આપી અને ફાંસી દીધા. તે બાદ એ નાતમા સુલેહ થઇ અને નાત બાર મુકેલાને જમાતમા લીધા, ૧૮૬૧ પછી ફસાદ ચાલીઓઃ-ખોજા કેસ પેજ ૨૪.

(ફારશીદ મુંબઇ તા૦ ૧૬મી જુલાઇ ૨૮૮ )

ખરેખર અબદુલા હાજી અલારખીઅ દીની ફરમાન માજબ જે કહેછે તે વાજબી છે, લેકીત ખોજા અસલથી ઇસલામને માનતા વારસા હીસામા રીવાજને કબુલ કરતાં આવ્યા ને (જુઓ અરસકીન પેરીનો ઓરીઅનટલ કેસીસ પેજ ૧૧૦)

અબદુલા લખે છે, કે "ખાન મહમદભાઇ હબીબના વસી ા પરમાણે ચાલવાથી મજકુરની દોલત જે આશરે ૧૭ .ખ ની છે તે જતી રેહસે." હમો એ ફકરાને શકથી જોતા કહીએંચ કે ખાંન મહમદ હબીબના વીલ પરમાણે બીજો ભાઇ તથા વારસો છે. તે કેમ પોતાના હકો જવા દેસે એ સમજ પડતી નથી, અને નવો કાઇદો જે દીવસથી અમલમાં આવસે તીઆરથી તે પરમાણે અમલ કરવામાં આવસે, એ કાઇદા અગમજ જે ચાલ ચલન રીવાજ ઇસલામી અથવા હનુદ વગેરાની નાતમા ચાલતી આવી હોઇ તેજ પરમાણે તેનો

દરેક મુસલમાન જોએ તે મજહબનો હોઇ ને
અને હદીસ વીરૂધ જસે. તે બેશક કાફર બદતાલ અ

થાયછે. તીયારે ઓજા સુનત જમાતને લાજમ છે, જે મજ હબની પેરવીમાં મરવાને કબુલ રાખયા છે તીયા રે તે મજહબથી ઉલટું ચાલવું એ એક કાલો ડાગ જેમ કછી મેમણોના કપાલે જેઓ ઝરના લાલચમાં ચોટાડીને આ દુનીઆથી ખાલી હાથ ગયા છે તે પરમાણે પોતાના હાથે બે દીવસની જીંદગી માટે લગાડવું વાજબી નથી. પછી તમારી ખુસી.

ખરેખર જોઇએ તો દરએક કોમ, પછી જોઇએ તે ધરમ શંબંધી બાબતથી અથવા બીજી બાબતથી જુદી હોએ પછી જોઇએ તો દેવલ અથવા નાહાનુ દેવલ, જાત અથવા મંડલી હોએ તોપણ મંડલીને કાએમ રાખવાને માટે મંડલી એની શાથે જે શંબંધ ધરાવનારી જરૂર કરીને સતા હોવી જોઇએ છે કે જે શતા ઘણા બારીક વખતમાં અને વાજબીજ કારણને લીધેજ વાપરવી જોઇએ. એ શતા એ કે જેઓને મંડલીના શભાશદ થવાના ચોકશ ઠેરવેલા કાએદા પરમાણે ચાલવાની ખબર તથાં ચેતવણી આપી આ છતાં જેઓ તે પરમાણે બે હોશથી ચાલતા નથી કે જે પર જે તે મંડલીના શભાશદ હોવાને લીધે તેઓને ચાલવું જોઇએ છે, પણ જેઓ તે પરમાણે નહી ચાલેઆથી તો તેઓની પાસેથી તે મંડલીના હકો લઇ લેવા જોઇએ છે.